પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૪૧ | ૨૨ એપ્રિલ, ૨૦૧૯, સોમવાર; ચૈત્ર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# શ્રીલંકા આઠ બ્લાસ્ટથી હચમચી ઉઠ્યું

## ઈસ્ટરના દિવસે ચર્ચ અને હોટલોને ટાર્ગેટ બનાવી બ્લાસ્ટ કરાયા : ૨૧૫થી વધુના મોત થયા : માર્યા ગયેલા લોકોમાં મોટી સંખ્યામાં વિદેશી નાગરિકો પણ સામેલ : ઘાયલોની સંખ્યા ૪૫૦થી પણ વધુ હોવાથી મૃતાંક વધશે : સમગ્ર શ્રીલંકામાં સંચારબંધી



કોલંબો, તા.૨૧

એક પછી એક આઠ પ્રચંડ બોમ્બ ધડાકાઓના કારણે આજે સમગ્ર શ્રીલંકા હચમચી ઉઠ્યું હતું. સાથે સાથે દુનિયાભરમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. સિરિયલ બ્લાસ્ટમાં ૨૧૫થી વધુ લોકોના મોત થયા છે. જેમાં મોટી સંખ્યામાં વિદેશી નાગરિકોના પણ મોત થયા છે. હુમલાખોરોએ ચર્ચ અને હોટલોને ટાર્ગેટ બનાવીને આ વિનાશક હુમલા કર્યા હતા. સિરિયિલ બોમ્બ બ્લાસ્ટથી સમગ્ર શ્રીલંકા હચમચી ઉઠ્યું હતું. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. હજુ સુધી મોતનો આંકડો ૨૧૫ સુધી પહોંચી ચુક્યો છે અને આંકડો હજુ ઉપર જઈ શકે છે કારણ કે ઘાયલ થયેલાઓની સંખ્યા ૪૫૦થી પણ વધુ આંકવામાં આવી છે. જે પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. શ્રીલંકાના ઈતિહાસમાં થયેલા હજુ સુધીના સૌથી વિનાશક હુમલા તરીકે આને જોવામાં આવે છે જેની જવાબદારી હજુ સુધી કોઈપણ સંગઠને સ્વીકારી નથી પરંતુ એમ માનવામાં આવે છે કે તેમાં કટ્ટરપંથી સંગઠનોનો હાથ હોઈ શકે છે. માર્યા ગયેલાઓમાં ૪૦થી વધુ વિદેશી નાગરિકો છે જેમાં અમેરિકા અને અન્ય દેશોના નાગરિકો સામેલ છે. કોલંબો નેશનલ હોસ્પિટલના સૂત્રોએ કહ્યું છે કે માર્યા ગયેલા વિદેશીઓમાં અમેરિકી, બ્રિટીશ અને નેધરલેન્ડના નાગરિકો સામેલ છે. સત્તાવાર રીતે હજુ સુધી આ સંદર્ભમાં કોઈ માહિતી અપાઈ નથી. આ બ્લાસ્ટની સાથે જ શ્રીલંકામાં સંચારબંધી લાગુ કરી દેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## સાધ્વી પ્રજ્ઞાની સામે ચુંટણી પંચની બાબરી મસ્જિદ મામલે વધુ એક નોટિસ

ભોપાલ, તા. ૨૧

ભોપાલ લોકસભા સીટ પરથી ભાજપના ઉમેદવાર સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુરને ચુંટણી પંચ તરફથી વધુ એક નોટિસ ફટકારી દેવામાં આવી છે. આ વખતે ચુંટણી પંચે એક ટીવી ચેનલ પર બાબરી મસ્જિદને



લઈને તેમની ટિપ્પણી બાદ ભોપાલ જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા આ નોટિસ ફટકારવામાં આવી છે. વિવાદાસ્પદ નિવેદનમાં પ્રજ્ઞા ઠાકુરે કહ્યું હતું કે બાબરી મસ્જિદ તોડવામાં તેમના દ્વારા મદદ કરવામાં આવી હતી અને હવે રામ મંદિર બનાવવામાં પણ મદદ કરશે. આ પહેલા પ્રજ્ઞાએ ૨૬/૧૧ ના મુંબઈ ત્રાસવાદી હુમલામાં શહીદ થયેલા હેમંત કરકરેના મામલે વિવાદાસ્પદ નિવેદન કરવા બદલ ટીકા ટિપ્પણીનો સામનો કરવો પડ્યો હતો. આખરે માફી માંગવાની ફરજ પડી હતી.

કોંગ્રેસના નેતા અને છત્તીસગઢના મુખ્યમંત્રી ભુપેશ બઘેલે પ્રજ્ઞા ઠાકુર પર પ્રહાર કરતા કહ્યું છે કે પ્રજ્ઞા શરૂઆતથી જ એક લડાયક મિજાજની મહિલા રહી છે. સાધ્વી પ્રજ્ઞાને ભોપાલ લોકસભા સીટ પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા બાદ રાજકીય ગરમી વધી ગઈ છે. આ સીટ પરથી ઉમેદવારી બાદથી પ્રજ્ઞા એક પછી એક વિવાદમાં આવી રહ્યા છે. સોશિયલ મીડિયા ઉપર પણ લોકોએ તેમની સામે તીવ્ર પ્રતિક્રિયા આપી છે. કરકરે બાદ હવે બાબરી મસ્જિદને લઈને પ્રજ્ઞાએ વિવાદાસ્પદ ટિપ્પણી કરી છે. પ્રજ્ઞાએ કહ્યું છે કે રામ મંદિર ચોક્કસપણે બનાવવામાં આવશે. આ એક ભવ્ય મંદિર હશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

A Bio High Te-ch Eco friendly STP System
ક્રાન્તિકારી સમાચાર ઉદ્યોગ ગૃહો, હોટલ, રેસ્ટોરન્ટ તેમજ પાર્ટીપ્લોટ માટે
ઉભરાતા ખારકૂવાનો સચોટ ઉપાય
બાયોટેકનોલોજી પદ્ધતિ દ્વારા વારંવાર ક્લીયર કરાવવાની ઝંઝટમાંથી કાયમી ધોરણે મુક્તિ તેમજ કોઈપણ પ્રકારની દુર્ગંધ દૂર કરવા માટેનો સચોટ ઉપાય
માહિતી મેળવવાનો સમય : સોમથી શનિ સવારે ૧૦ થી સાંજના ૭ વાગ્યા સુધીજ
Coalesce Water Solutions
211, Circle 'P' Bldg., Prahladnagar Cross Road, S.G. Highway, Ahmedabad.
Ph. : (079) 26937026, 25501402
(M) 98250 20331




ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

તાત્કાલિક કામવાળા બેન જોઈએ છે
સવારથી સાંજ ઘરકામ માટે, ફુલટાઈમ કામવાળા બેન જોઈએ છે. રસોઈના અનુભવીને પ્રથમ પસંદગી ફક્ત ઉચ્ચ જ્ઞાતિના બહેનોએ જ સંપર્ક કરવો.
પ્લોટ નં. ૪૩૨/૧, સેક્ટર-૨/બી, ગાંધીનગર
મો. ૬૩૫૪૯૩૫૦૯૦ ● (રૂબરૂ મળવું)
(યોગ્યતા મુજબ પગાર આપવામાં આવશે.)

